[illegible] એક મુકેશભાઈ ૧/૫

સેમિસ્ટર :- ૨ - ૨૦૧૯
વિષય :- ગુજરાતી
ધોરણ - ૩ ઉત્તરવહી

પ્રશ્ન-૧ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.

(હરેકનો ૧ ગુણ)

જ-૧ બા બાવાને આજીજી કરે છે કે, તમે ચીપિયો ખખડાવો નહિ, હમણાં ઘરમાં કોઈ નથી. મને બિવડાવો નહિ.

જ-૨ 'પાને પાને ફૂલડાં ધરિયાં' એટલે ઘણાં રંગબેરંગી ફૂલો ખીલી ઊઠયાં છે.

જ-૩ બકરીબહેન બારણાં ખખડાવી બોલતાં હતાં :
ગોળ કેરી ભીંતલડી, ને શેરડી કેરા હાંડા;
ટોપરીએ ઘર છાયા, બચ્ચાં, બારણાં ઉઘાડો.

જ-૪ બચ્ચાના બાપે બચ્ચાને પાણીમાં ધક્કો માર્યો, જેથી બચ્ચું તરતાં શીખે.

(બ) કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(હરેકનો ½ ગુણ)

૧) બાવાજી ને મનમોજીલા બનવું છે.
૨) મરઘી એ મકાઈ વાવવા વિચાર્યું.
૩) ગુરુજી એ સાકરથી મેઘાનું મોં મીઠું કરાવ્યુ.
૪) રાસ વ્રજમાં રચાયો છે.
૫) બકરીબહેને ટોપરાંની વાટકીઓમાં નળિયાં નાખ્યાં.
૬) નદી માં વહાણો તરતાં હતાં.
૭) જાદુઈ ટોપલી માં પરી રહે છે.
૮) ચોરનાં હાથમાં વાઘની ગરદન આવી ગઈ.

પ્રશ્ન-૨ (અ) નીચેના વિશે બે-બે વાક્યો લખો. (અન્ય બંધબેસતા (વિષય મુજબ) વાક્યો માન્ય રાખવા)

(હરેકનો ૧ ગુણ. (વાક્યનો ½ ગુણ બે વાક્ય એ પૂરા ગુણ))

૧) મગર :- મગર ઊંડા પાણીમાં રહે છે. તેની તાકાત પૂંછડી માં હોય છે.

૨) પોસ્ટ ઓફિસ :- પોસ્ટ ઓફિસ માંથી પત્રવ્યવહાર માટે જરૂરી પોસ્ટકાર્ડ, ટપાલ-ટિકિટો, પરબીડિયાં નિયત કિંમતે મળે છે.

૩) વાઘ :- વાઘ વાવાઝોડાના મારથી બચવા ઘેટાં બકરામાં ભળી ગયો. વાઘના ભયથી ઘેટાં-બકરાં માં નાસભાગ મચી ગઈ.

૪) મેઘા :- ૧૫ મી તારીખે મેઘાનો જન્મદિવસ હતો. ગુરુજી એ મેઘાને પુસ્તક ભેટ આપ્યું.

(બ) શબ્દોના અર્થ લખો.

(હરેકનો ½ ગુણ)

૧) કૃપા :- મહેરબાની, દયા
૨) પ્રણામ :- નમસ્કાર, વંદન, નમન, નમસ્તે.
૩) કોકિલ :- કોયલ
૪) મૂલ :- કિંમત / ભાવ

(ક) વિરોધી શબ્દ લખો.
હરેકના ½ ગુણ
૧) તરવું X ડૂબવું
૨) નિયમિત X અનિયમિત
૩) થોડું X બહુ
૪) ઊંચું X નીચું

પ્રશ્ન-૩(અ) કોણ બોલે છે કોને કહે છે તે લખો.
૧) તમે સૂંઢલ રાખો તો આપણે મહાઈ વાળીએ
જ મરઘીબાઈ બોલે છે ડાહ્યા કુક્કર ને કહે છે. ભલભો શિયાળ/બાલિયો કૂતરો માન્ય ગણવો
૨) લો, શેરડીનો એક ભારો તમને આપું.
જ શેરડીના ગાડાવાળો બોલે છે. બકરીબહેન ને કહે છે.
૩) "ચાલ, નદીમાં નાહીએ. નદીમાં તરીએ."
જ મા બોલે છે. તેના બચ્ચાં ને કહે છે.
૪) આજ આટલી ઝડપથી ક્યાં નીકળ્યાં છો?
જ રીંછ બોલે છે. વાઘ ને કહે છે.

(બ) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.
હરેકનો ½ ગુણ
૧) દૂધ ને ઉકાળી, પાણી વિનાનું બનાવી તૈયાર થતી બનાવટ → માવો
૨) ઘુમ્મટવાળુ ઘાસનું ઝૂંપડું → કૂબો
૩) સંગીત નો એક રાગ → વસંત - બહાર
૪) કંઈ સારું કરવાથી અપાતી શાબાશી → સરપાવ
૫) સતત મહેનત કરનાર → મહેનતુ
૬) એક જાતનું ઊંચું ઝાડ → તાડ
૭) કામ વગર ની ચર્ચા → ચોવટ / પંચાત
૮) પોતે બીજાથી અલગ હોવાનું અભિમાન ધરાવતી → મતવાલી

પ્રશ્ન-૪(અ) શબ્દ ને અંતે (વો) કે (યો) આવે તેવા શબ્દો લખો
હરેકનો ½ ગુણ
૧) માવો ૨) બાવો ૩) ખાવો ૪) લાવો
૫) ફાગળિયો ૬) રચાયો ૭) લહેરાયો ૮) હરખાયો

(બ) કાવ્યપંક્તિ પૂર્ણ કરો.
હરેક પંક્તિનો ½ ગુણ
રંગોની ઉજાણી ઊડે,
કેસૂડો હરખાયો,
ચેતન ના ફુવારા છૂટયા...
હોરી ધૂમ મચાયો.

(ક) કેવો, કેવી, કેવું ઉમેરી શબ્દ બનાવો.
ઉ.દા. ટોપી - કેવી

દરેકનો ½ ગુણ.

૧) પુસ્તક → કેવું    ૨) હાથી → કેવો
૩) ચોકલેટ → કેવી    ૪) નાળિયેર → કેવું

પ્રશ્ન-૫(અ) શબ્દ પરથી વાક્ય બનાવો. (બંધબેસતા અન્ય વાક્યો માન્ય રાખવા)

દરેક સાચા વાક્યનો 1 ગુણ.

૧) પાન → આસોપાલવનાં પાનનું તોરણ બને છે.
૨) ભભૂત → બાવો ભભૂત લગાવે છે.
૩) સુશોભન → વર્ગની સુશોભન-સ્પર્ધામાં અમે પ્રથમ આવ્યાં.
૪) વીજબત્તી → વીજબત્તી પ્રકાશ આપે છે.

(બ) નિબંધ લખો.

૧) કબૂતર    ૪ વાક્ય એ - ૧ ગુણ
૨) ઉત્તરાયણ    ૮ " " - ૨ "
૧૨ " " - ૩ "
૧૬ " " - ૪ " આપવા.

રોહિત જૈમિન. ડી.
શિક્ષક શ્રી
૮૪૬૦૭૭૦૫૦૮